# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2023** **Midday: 1.20 to 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલા એશિયન રમતોત્સવમાં ભારતે કુલ 100 ચંદ્રક જીતી લીધા છે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં 100 ચંદ્રક જીતવા બદલ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.
- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં વસ્તુ અને સેવા કર- જીએસટી કાઉન્સિલની 52મી બેઠક ચાલી રહી છે.
- ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉત્તરાખંડના ટિહરી જિલ્લામાં કેન્દ્રિય ક્ષેત્રીય પરિષદની 24મી બેઠક શરૂ થઇ.
- કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોત્તમ રૂપાલા અને રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને સાગર પરિક્રમાના નવમા તબક્કાની શરૂઆત કરી..
- સિક્કિમમાં આવેલા પૂરમાં 27 લોકોના મોત- લશ્કરના જવાનો સહિત 141 જેટલા લોકો લાપતા..

........................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ASIAN-GAMES-UPDATE

ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલા એશિયન રમતોત્સવમાં ભારતે કુલ 100 ચંદ્રક જીતી લીધા છે. ભારત 25 સુવર્ણ, 35 રજત અને 40 કાંસ્ય સહિત કુલ 100 ચંદ્રક જીતીને ચોથા સ્થાને છે. ભારતનું અત્યાર સુધીનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

ભારતીય કબડ્ડી ટીમે ચાઈનીઝ તાઈપેઈને 26-25થી હરાવી દેશ માટે સોમો મેડલ જીત્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં 100 ચંદ્રક જીતવા બદલ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવતા ભારત માટે આ એક યાદગાર સિદ્ધિ હોવાનું જણાવ્યુ છે. શ્રી મોદી 10મી ઓક્ટોબરે ચંદ્રક વિજેતા ખેલાડીઓને મળીને તેમની સાથે વાતચીત કરશે. રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરે પણ એશિયન રમતોત્સવમાં 100 ચંદ્રક જીતવા તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

દરમિયાન, આજે સવારે મહિલા કબડ્ડી અને તીરંદાજી કમ્પાઉન્ડ ઈવેન્ટ્સમાં ભારતે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પુરૂષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ તીરંદાજીની ફાઇનલમાં, ઓજસ દેવતાલે સુવર્ણ જ્યારે અભિષેક વર્માએ રજત ચંદ્રક મેળવ્યો હતો. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો છે જ્યારે પુરુષ ક્રિકેટમાં, ભારતે અફઘાનિસ્તાન સામે ફાઇનલ મેચમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. પુરુષ ફ્રી-સ્ટાઈલ મુક્કેબાજી સ્પર્ધામાં આજે યશ, દીપક પુનિયા, વિકી અને સુમિત રમશે. બેડમિન્ટનમાં પુરુષ ડબલ્સની ફાઇનલમાં, ચિરાગ શેટ્ટી અને

સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડીની જોડી ટકરાશે. ભારત અને જાપાનની ટીમો વચ્ચે મહિલા હોકીની મેચ રમાશે. અનિકેત પટેલ સોફ્ટ ટેનિસના મેન્સ સિંગલ્સમાં રમશે.

## REV GST COUNCIL MEETING

વસ્તુ અને સેવા કર GST પરિષદની 52મી બેઠક દિલ્હીમાં ચાલી રહી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. તેમાં કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરી ઉપરાંત વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના નાણાંમંત્રીઓ તેમજ કેન્દ્ર અને રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ ભાગ લઇ રહ્યા છે.

## UTTARAKHAND-AMIT SHAH VISIT

ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે ઉત્તરાખંડના ટિહરી જિલ્લામાં કેન્દ્રીય ક્ષેત્રીય પરિષદની 24મી બેઠક શરૂ થઇ છે. આ બેઠકમાં ભાગ લેવા માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગઈકાલે ઉત્તરાખંડ પહોંચ્યા હતા.

શ્રી શાહ આજે દેહરાદૂનમાં 49મી અખિલ ભારતીય પોલીસ સાયન્સ કોંગ્રેસમાં પણ ભાગ લેશે. જેનું આયોજન વન સંશોધન સંસ્થા ખાતે કરવામાં આવી રહ્યું છે. આ કોંગ્રેસમાં 5Gના યુગમાં પોલીસ વ્યવસ્થા, નશીલા પદાર્થ, આંતરિક સુરક્ષા, સોશિયલ મીડિયાના પડકારો અને સમુદાય સ્તરે પોલીસ વ્યવસ્થાના વિષયો પર ચર્ચા કરવામાં આવશે. પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરોના નેજા હેઠળ આ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું છે.

## P-20 SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 13 અને 14મી ઓકટોબરે દિલ્હીમાં યોજાનારી જી-20ના સંસદીય અધ્યક્ષોની બેઠક – પી-20નું ઉદઘાટન કરશે. બે દિવસ માટેની આ બેઠક દિલ્હીના દ્વારકા ખાતે બંધાયેલા ભારત આંતરરાષ્ટ્રીય સંમેલન અને પ્રદર્શન કેન્દ્ર ખાતે યોજાશે.

પી-20 તરીકે ઓળખાતું જૂથ જી-20 દેશોના સંસદિય અધ્યક્ષોની આગેવાની હેઠળનું જૂથ છે. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક શાસનમાં સંસદિય પરિમાણ લાવવાનો છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની આ બેઠકમાં 25 અધ્યક્ષો, 10 નાયબ અધ્યક્ષો અને 50 સાંસદો ભાગ લેશે.

## PM-SWAMINATHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાણીતા કૃષિ વૈજ્ઞાનિક પ્રોફેસર એમ.એસ. સ્વામીનાથને આપેલા યોગદાનને યાદ કરતાં તેમણે ખાદ્યપદાર્થોની અછત ધરાવતા દેશમાંથી આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવ્યું હોવાનું કહ્યું છે.

Narendramodi.in માં લખેલા તેમના બ્લોગમાં, શ્રી મોદીએ રાષ્ટ્રએ એક સ્વપ્નદ્રષ્ટા ગુમાવી દીધા હોવાનું કહ્યું હતું. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, પ્રો. સ્વામીનાથનની પ્રતિબદ્ધતા અને દૂરદર્શિતાએ કૃષિ સમૃદ્ધિના નવા યુગની શરૂઆત કરી હતી.

તેમણે કહ્યું કે, પ્રો. સ્વામીનાથનના કૃષિ અને ઘઉંના સંવર્ધન જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં અગ્રણી કાર્યને કારણે ઘઉંના ઉત્પાદનમાં નોંધપાત્ર

વધારો થયો છે અને તેમણે ભારતીય હરિયાળી ક્રાંતિના પિતાનું બિરુદ પ્રાપ્ત કર્યું હતું.

પ્રો. સ્વામીનાથન સાથેની વાતચીતને યાદ કરતાં શ્રી મોદીએ કહ્યું કે, પ્રોફેસરે સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંગે તેમને મૂલ્યવાન સમજ આપી હતી. પ્રો. સ્વામીનાથન ખેડૂતોના વૈજ્ઞાનિક હતા તેમ પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યુ હતું.

## SAGAR PARIKARMA - UNION MINISTERS

કેન્દ્રીય પશુપાલન મંત્રી પરષોત્તમ રૂપાલા અને કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને આજે સવારે રામનાથપુરમ જિલ્લાના થોન્ડી ફિશિંગ બંદર ખાતે સાગર પરિક્રમાના નવમા તબક્કાની શરૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી રૂપાલાએ કહ્યું કે તમિલનાડુ માછીમારી ઉદ્યોગમાં અગ્રણી રાજ્યોમાંનું એક છે અને રાજ્યના માછીમારી ક્ષેત્રનો દેશના આર્થિક વિકાસમાં મુખ્ય ફાળો રહ્યો છે.

જે માછીમારોએ અરજી કરી છે તેમને કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.. મંત્રીઓએ સ્થાનિક માછીમારો સાથે વાતચીત કરી અને આ વિસ્તારમાં ચાલી રહેલા પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. તેઓએ સંયુક્ત રીતે તંજાવુર જિલ્લામાં મનલમેલકુડી માછલી ખેડૂત ઉત્પાદક સહકારી મંડળી શાખાનું ઉદ્ઘાટન કર્યું હતું.

પત્રકાર પરિષદમાં રાજ્યમંત્રી ડો. એલ. મુરુગને જણાવ્યું કે, સાગર પરિક્રમા યોજના છ મહિના પહેલા ગુજરાતમાં શરૂ થઈ હતી અને

દ્વીપકલ્પના તમામ દરિયાકાંઠાના જિલ્લાઓમાં મુસાફરી કરી હતી. દરિયાકાંઠાના વિસ્તારોની મુલાકાત એ માછીમારો સાથે વાર્તાલાપ કરવાની એક તક છે. સાગર પરિક્રમાનું નવમી ઓકટોબરે ચેન્નાઈમાં સમાપન થશે.

## REV.-SIKKIM-FLOOD

સિક્કિમમાં આવેલા પૂરમાં 27 લોકોના મોત થયા છે અને લશ્કરના જવાનો સહિત 141 જેટલા લોકો લાપતા છે. ગત 4 થી ઓક્ટોબરે સિક્કિમની તીસ્તા નદીમાં અચાનક પૂર આવ્યું હતું. જેમાંથી 2 હજાર 413 જેટલા લોકોને બચાવાયા છે. જયારે 8 હજાર 875 જેટલા લોકોએ 22 રાહત શિબીરોમાં આશ્રય લીધો છે. જયારે અચાનક આવેલા પૂરના કારણે 13 જેટલા પુલ ધોવાઈ ગયા છે.

દરમિયાન, ગઈકાલે સાંજે મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે તેમના નિવાસસ્થાને યોજેલી બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને પૂરથી પ્રભાવિત જિલ્લાઓના રસ્તાઓ વહેલી તકે પુનઃસ્થાપિત કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં સરહદી માર્ગ વ્યવસ્થાપનના વડા, રાજ્યના મુખ્ય સચિવ, પોલીસ વડા અને રાજ્ય સરકાર અને લશ્કરના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી તમાંગે પૂર પ્રભાવિત મંગન જિલ્લા માટે 25 કરોડ રૂપિયાનું અને ગંગટોક, પાક્યોંગ અને નામચી જિલ્લાઓ માટે 15-15 કરોડ રૂપિયાનું રાહત પેકેજ ફાળવવામાં આવશે તેમ જણાવ્યુ હતું. આ રાહત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અગાઉ જાહેર કરાયેલી રાહત ઉપરાંતનું છે.

રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ નિવારણ દળના કર્મચારીઓ અને સ્વયંસેવકો બચાવ અને રાહત કાર્ય કરી રહ્યા છે.

## SHINDE-GOREGAON FIRE

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે એ ગઈકાલે મુંબઈના ગોરેગાંવ ખાતે ઇમારતમાં બનેલી આગ દુર્ઘટનામાં મૃતકોના પરિજનોને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. તેમણે ઘાયલોને સરકારી ખર્ચે તબીબી સારવાર આપવાની પણ જાહેરાત કરી હતી. તેઓએ બાળાસાહેબ ઠાકરે ટ્રોમા કેર સેન્ટરની મુલાકાત લીધી અને આગમાં ઇજાગ્રસ્ત લોકોની પૂછપરછ કરી હતી.

તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે, ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ભવિષ્યમાં આવી ઇમારતોમાં આગની ઘટના બને તો તે સામે ફાયર સેફટીની કાર્યવાહી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યા હતા.

## J-K-AOC

હવાઈ દળ કોઈપણ આપત્તિ અને પડકારનો સામનો કરવા માટે તૈયાર છે. જમ્મુ અને કાશ્મીરમાં હવાઈ દળના એર કોમોડોર સાગર સિંહ રાવતે આવતીકાલે હવાઇદળના 91મા સ્થાપના દિવસ અગાઉ આજે આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, જમ્મુમાં પાકિસ્તાન તરફથી આવતા ડ્રોનના ખતરાનો સામનો કરવા માટે તમામ સંભવિત પગલાં લેવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હવાઇદળની મોટાભાગની સર્વેલન્સ કામગીરી સફળ રહી છે અને હવાઇદળ સતર્કતા જાળવવામાં સંપૂર્ણ રીતે સક્ષમ છે.

## CRICKET-WORLD CUP

વિશ્વકપ ક્રિકેટ મેચમાં હિમાચલ પ્રદેશના ધરમશાલા ખાતે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાઇ રહેલી મેચમાં અફઘાનિસ્તાને 35 ઓવરમાં 7 વિકેટે 156 રન કર્યા છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે બપોરે 2 વાગ્યે મેચ રમાશે.

દરમિયાન ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં પાકિસ્તાને, નેધરલેન્ડને 81 રનથી હરાવ્યું હતું. પાકિસ્તાને આપેલા 287 રનના લક્ષ્યાંકનો પીછો કરતા નેધરલેન્ડ 41 ઓવરમાં 205 રનમાં ઓલઆઉટ થયું હતું.